
# આબુરોડ અંબાજી માર્ગ પર આવેલ "જય અંબે હોટલ"ના માલિકે ગુજરાતી પર્યટકોને માર માર્યો

## ગુજરાતી પર્યટકો દોડીને બીજી હોટેલમાં જઈ બચાવી જાન : રાજસ્થાન સરકારનો "પધારો મારે દેશ" થઈ રહ્યો છે ખોટો સાબિત

આબુરોડ

આબુરોડ અંબાજી માર્ગ પર આવેલી એક હોટલના સંચાલકોએ બે ગુજરાતી પ્રવાસીને દોડાવી દોડાવીને માર માર્યા હોવાની ઘટના સામે આવી છે. ગુજરાતીઓનું સૌથી વધુ પસંદગીના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં લાખો ગુજરાતીઓ ફરવા માટે અને રજાઓની મજા માણવા માટે જાય છે. ત્યારે અંબાજી નજીક રાજસ્થાનના સિયાવા ગામમાં એક હોટલના સંચાલકોએ ૨ ગુજરાતી પર્યટકોને દોડાવી દોડાવીને માર્યા હોવાની ઘટના બની છે. આ ઘટનામાં મહેસાણા જિલ્લાના સતલાસણા ગામના ભવાનીસિંહ અને કુલદીપસિંહ આ હોટલમાં જમવા માટે ગયા હતા. પરંતુ જમવા બાબતે હોટલના સંચાલક સાથે માથાકૂટ થઈ હતી. જેમાં હોટલ સંચાલકે ગુસ્સમાં આવી મારામારી શરૂ કરી દીધી હતી. આ દરમિયાન હોટલ સંચાલક દ્વારા લાકડી અને કુહાડીથી પણ આ યુવાનો પર હુમલો કરવામાં આવ્યો હતો. હોટલના સંચાલકો એટલા બેફામ અને ગુંડાગીરી પર ઊતરી આવ્યા હતા કે બંન્ને ગુજરાતી પર્યટકોને દોડાવી દોડાવીને માર્યા હતા તેમના કપડાં પણ ફાડી નાંખ્યા હતા. બંન્ને ગુજરાતી પર્યટકોને હોટલ સંચાલકો દ્વારા ગંભીર હુમલો કરતાં ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે આબુ રોડની રિકો પોલીસ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર માટે હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



આ ઘટનાના પગલે માઉન્ટ આબૂમાં ફરવા જતા ગુજરાતી પર્યટકોમાં ખૌફ જોવા મળ્યો હતો. આ ઘટનાની જાણ થતા માઉન્ટ આબૂમાં ફરવા ગયેલા તમામ ગુજરાતી લોકોમાં ડર બેસી ગયો હતો. આ ઘટનાની જાણ થતા આબુ રોડની રિકો પોલીસ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત યુવકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી

## લોન રીકવરી એજન્ટોએ ગ્રાહકની જાણ બહાર

# પલ્સર બાઈક ઉઠાવી લેતા હવે જેલના સળિયા ગણવાનો વારો

## મેઘરજ પોલીસે બંને બાઈક ચોરને દબોચ્યા

અરવલ્લી જીલ્લામાં બાકી પડતી લોનના હપ્તાની વસુલાત અને વાહન રિકવર માટે રીતસરની ગુંડાગીરી થઈ રહી હોવાની બૂમો ઉઠી રહી છે લોન રિકવરી કરવાનું કામ કરતા એજન્ટો ગ્રાહક કે સ્થાનિક પોલીસને કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના તેમજ કાયદો હાથમાં લઈ વાહનો ઉઠાવી જતી હોવાની અનેક ઘટનાઓ બની રહી છે

મેઘરજના મેઈન બજાર માંથી લોન રિકવરીનું કામકાજ કરતા મોડાસાના બે એજન્ટોએ લોન ધારકની જાણ બહાર તેની પલ્સર બાઈક ઉઠાવી લીધી હતી બાઈક માલિક યુવકે આ અંગે બાઈક ચોરીની ફરિયાદ મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા મેઘરજ પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે સીસીટીવી કેમેરા ફંફોસી બાતમીદારોને સક્રિય કરતા પલ્સર બાઈક મોડાસાના બે શખ્શો ઉઠાવી ગયા હોવાની જાણ થતા પોલીસે બંને લોન એજન્ટની ધરપકડ કરી ચોરી કરેલ બાઈક રિકવર કરી ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો



લોનના હપ્તા ભરપાઈ ના થયા હોય તેવા કિસ્સામાં કેટલીક ફાઈનાન્સ કંપની દ્વારા ગેરકાયદે રિકવરી એજન્ટોને હપ્તા વસૂલલવાનું કામ સોંપવામાં આવતું હોય છે. અને રિકવરી એજન્ટો પોલીસ કે કાયદાનો ડર રાખ્યા વિના ખુલ્લેઆમ દાદાગીરી કરીને વાહનો ઉપાડી લેતા હોય છે ત્યારે મોડાસાના હાર્દિક રસીકલાલ ભાવસાર અને સંજય સુરેશ ભાઈ વસાવાએ કાયદો હાથમાં લઈ પલ્સર બાઈક ઉઠાવી લેવાનું ભારે પડતા હવે બાઈક ચોરીના ગુન્હામાં જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે

મેઘરજના મેઈન બજારમાં પલ્સર લઈને આવેલ એક યુવક તેની બાઈક શોપિંગ સેન્ટર આગળ પાર્ક કરી કામકાજ અર્થે ગયા હતો પરત પાછો બાઈક પાર્ક કરી હતી ત્યાં આવતા હોફળો ફોફળો બની આસપાસ તપાસ હાથધરી હતી બાઈક મળી ન બાઈક ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરને ઝડપી પાડવા ઘટનાસ્થળની આજુબાજુની દુકાનોના સીસીટીવી કેમેરા ચેક કરતા બે યુવકો બાઈક ખેંચીને થોડે દૂર લઈ ગયા બાદ બાઈક ચાલુ કરી રફુચક્કર થતા કેમેરામાં કેદ થતા પોલીસે બાતમીદારો અને સર્વલન્સના આધારે પલ્સર બાઈક ચોરી કરનાર ૧)હાર્દિક રસીકલાલ ભાવસાર (રહે,ભાવસારવાડા,મોડાસા) અને ૨)સંજય સુરેશભાઈ વસાવા (રહે,સર્વોદયનગર વિસ્તાર-ડુંગરી,મોડાસા) ને ચોરીની બાઈક સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી ગણતરીના દિવસોમાં બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

# પ્રાંતિજ ખાતે ગુરુનાનકની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી

## શીખ અને સિંધી સમાજના ભાઇ-બહેનો દ્વારા જન્મ જયંતીની ઉજવણી કરી : વહેલી સવારથી જ ગુરુદ્વારા ખાતે ભક્તો ઉમટી પડયા હતાં





પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ગુરુ નાનકજી ની જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ ખાતે આવેલ ગુરૂદ્વારા ખાતે શીખ સમાજ અને સિંધી સમાજ ના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

ગુરુ નાનકજી ની ૫૫૧ મી જન્મ જયંતી ની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ગુરુ નાનકજી દેવજી (ગુરુ નાનક જયંતિ) ની જન્મ જયંતિ કાર્તિક પૂર્ણિમા ના દિવસે ઉજવવામાં આવેછે અને ગુરુ નાનક દેવજી શીખ ધર્મ ના પહેલા ગુરુ હતા ત્યારે પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગુરૂદ્વારા મંદિર ખાતે પ્રાંતિજ સહિત તાલુકામાં આજુબાજુ માં રહેતા શીખ અને સિંધી સમાજ ના ભાઈ બહેનો વહેલી સવારથી જ ઉમટી પડયા હતા તો ભગવાન ગુરુ નાનકજી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો પ્રાંતિજ નગરપાલિકાના ઉપપ્રમુખ જગદીશભાઈ કિમતાણી પણ આજે ગુરુ નાનકજીની જન્મ જયંતિ ને લઈને ગુરુદ્વારા ખાતે દર્શન કરવામાટે આવ્યા હતાં તો પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર અને વિરોધ પક્ષ ના નેતા દિપ્તીબેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ પણ ગુરુદ્વારા ખાતે આવી ને ગુરુ નાનકજી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી

# ખેડબ્રહ્મામાં સાત દિવસ ૩ વાગ્યા પછી સ્વયંભુ બંધ





ખેડબ્રહ્મા

કોરોનાના વધતા સંક્રમણને અટકાવવા માટે જીલ્લાના મોટા ભાગના શહેરો વેપારીઓએ સ્વયંભુ બંધ પાળ્યો છે. ત્યારે ખેડબ્રહ્મા શહેર પણ આજથી સાત દિવસ માટે ત્રણ વાગ્યા બાદ સ્વયંભુ બજાર બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.ત્યારે બપોર બાદ બજાર સજ્જડ બંધ જોવા મળ્યું હતું.

એક તરફ જીલ્લા સહીત રાજ્યમાં કોરોનાનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે તેને નાથવા માટે રાજ્ય સરકાર સહીત સ્થાનિક પ્રશાસન યથાર્થ પ્રયત્નો કરી રહ્યું છે.જેમાં સ્થાનિક વેપારીઓ પણ સહયોગી બન્યા છે.જેમાં જીલ્લાના મોટા ભાગના શહેરો સજ્જડ બંધ તો કેટલાક શહેરો બપોર બાદ સ્વયંભુ બંધ જોવા મળી રહ્યા છે.તેવી જ રીતે જીલ્લાનું ખેડબ્રહ્મા શહેર પણ આજથી સાત દિવસ માટે બપોર બાદ બંધ રહેશે ગઈ કાલે પાલિકા સ્થાનિક અગ્રણીઓ અને વેપારી મંડળની બેઠક મળી હતી જેમાં બપોરબાદ સાત દિવસ માટે બજાર બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો.જેને પગલે આજે વેપારીઓએ બપોર બાદ બંધ પાળ્યો હતો.

વધત્તા સંક્રમણને નાથવા માટે વેપારીઓએ બપોર બાદ ખેડબ્રહ્મા શહેરને સાત દિવસ માટે સ્વયંભુ બંધ રાખવાના નિર્ણય બાદ આજથી બંધ પાળ્યો છે જેમાં બજારના તમામ વેપારીઓએ પોતાનો વેપાર રોજગાર ધંધો બપોરના ત્રણ વાગ્યા બાદ સ્વયંભુ બંધ રાખી શહેર તથા આજુબાજુના પંથકના ખરીદી અર્થે આવતા ગ્રાહકો અને વેપારીઓને સંક્રમણ ન થાય એની સાવચેતી ના ભાગરૂપે સ્વયંભુ બજાર બંધ રાખ્યા હતા.ધમધમતું ખેડબ્રહ્મા બપોર બાદ સજ્જડ બંધ જોવા મળ્યું હતું.

એક તરફ રાજ્ય સરકાર મોટા શહેરોમાં કર્ફ્યું લાદી બંધ રખાવી રહી છે તો બીજી તરફ જીલ્લાના મોટાભાગના વેપારીઓ શહેરને સ્વયંભુ રીતે સજ્જડ બંધ રાખી કોરોનાના સંક્રમણની ચેનને તોડવામાં સરકાર અને પ્રશાસનની સાથે ખભે થી ખભો મિલાવી વધતા સંક્રમણને અટકાવવાના પ્રયત્નો કરી રહ્યા છે.

# મોડાસા બસ સ્ટેન્ડ પાછળ ખુલ્લી ગટરમાં ગાય ખાબકતા જીવદયાપ્રેમીઓએ બચાવી

## ખુલ્લી ગટર કોઈનો ભોગ લે તે પહેલા બંધ કરે તે હિતાવહ

મોડાસા

મોડાસા શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક રોડની દુર્દશા થી નગરજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે નગરપાલિકા તંત્ર આંતરિક માર્ગો પાછળ વર્ષે દહાડે લાખ્ખો રૂપિયા પ્રજાજનોના ટેક્ષના રૂપિયા ધૂળધાણી કરતા હોય તેમ ઠેર ઠેર રાજમાર્ગો ધોવાતાં ખાડા માર્ગમાં પરિવર્તિત બન્યા છે અનેક જગ્યાએ ખુલ્લી ગટરો લોકો માટે મોતના કુવા સમાન ભાસી રહી છે શહેરની વરસાદી પાણીના નિકાલની ગટર લાઈનમાં અનેક જગ્યાએ ભંગાણ સર્જાવાની સાથે ઢાંકણ પણ ગટરમાં વહી ગયા છે ત્યારે મોડાસામાં આકાર લઈ રહેલ અત્યાધુનીક આઈકોનિક બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાંથી પસાર થતી ગટર લાઈનમાં ભંગાણ સર્જાવાની સાથે ખુલ્લી



હોવાથી ગાય ખાબકતા જીવદયા પ્રેમીઓને જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ક્રેઈનની મદદથી બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી શહેરીજનોમાં ગટરલાઈન પર થયેલ ભંગાણનું સમારકામ કરવામાં આવે તેમજ ઢાંકી દેવામાં આવેની માંગ પ્રબળ બની છે

મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળથી પસાર થતી ગટરલાઈનમાં ભંગાણ સર્જાતા અને ઢાંકણ પણ ન હોવાથી ગાય ખોરાકની શોધમાં ગટરમાં ખાબકતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને જીવદયા પ્રેમી તરીકે જાણીતા નીલેશ જોશીનો સંપર્ક કરતા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગાયને બહાર કાઢવા ક્રેનની મદદ લઈ ગાયનું ગટર માંથી રેસ્ક્યુ ઓપરેશન કરી ભારે જહેમત બાદ સફળતા મળી હતી ગાયને સામાન્ય ઈજાઓ થતા સારવાર આપી હતી મોડાસા નગરમાં ખુલ્લી ગટરોમાં પશુઓના પડી જવાની ઘટનાઓ છાશવારે બનતી હોય છે ત્યારે આ પ્રકારની ખુલ્લી ગટરો સત્વરે બંધ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે

મોડાસા શહેરમાં વિકાસના નામે અનેક સ્થળે ખાડા ખોદી ખુલ્લા રાખી દેવામાં આવતા હોવાની અને ગટરલાઈન પર માટી નાખી દેવામાં આવતી હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે પ્રજાજનો અને વાહનચાલકોમાં ખાડાઓ અને ઢાંકણ વિહોણી ગટરો કોઈ નિર્દોષ રાહદારીનો ભોગ લે તે પહેલા પુરવામાં આવેની માંગ પ્રબળ બની છે



આજ રોજ પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલજીની સૂચનાથી સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનની ટીમ જાહેર કરેલ છે. ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જીલ્લાનાં નવનિયુક્ત હોદ્દેદારશ્રીઓને અભિનંદન પાઠવવા આજ રોજ જીલ્લા કાર્યાલય પર ભારતીય જનતા પક્ષ હિંમતનગર શહેર પ્રમુખ હર્ષદભાઈ મીસ્ત્રી, મહામંત્રી જયેશભાઈ પટેલ (કવિ), મહામંત્રી કિરીટભાઈ શાહ તેમજ ભા.જ.પા શહેરના સૌ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા મા-અંબાનો આજે અન્નકુટ ધરાવાયો





ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા ખાતે આવેલમાં આદ્યશક્તિ મા-અંબાનો આજરોજ કારતક સુદી પૂનમ દેવ દિવાળીના દિવસે મા અંબાના સનમુખછપન ભોગ અન્નકુટ ધરાવાયો ખેડબ્રહ્મામાં આવેલ મા અંબાના યાત્રાધામમાં અંબેમાનો ઈતિહાસ જેટલો પુરાણો છે અને રસપ્રદ છે પ્રાચીન કાળમાં દેવી-દેવતાઓના પ્રાર્થનાથી મા અંબા પ્રગટ થયા હતા અને ભવ્ય અને દિવ્ય ખેડબ્રહ્મામા અંબા પૂર્ણ સ્વરૂપે પ્રગટ થયા હતા અને ખેડબ્રહ્મામાં માતાજી બિરાજમાન થયા તારીખ ૩૦ ૧૧ ૨૦૨૦ કારતક સુદી પૂનમ અને દેવદિવાળીના ખુબજ મહત્વ હોય સવારથીજ માના ભક્તોએ માસ્ક પહેરી સેનેટાઈઝ કરી મા-અંબાના સન્મુખ ધરાવેલા છપ્પનભોગ અન્નકૂટ ના દર્શન કરી ધન્ય થયા હતા કે ખેડબ્રહ્મા માતાજી મંદિર ના મેનેજર શ્રી ઘનશ્યામ રહેવરે જણાવ્યું હતું કે કોરોનાની મહામારી ને લઈને યાત્રાળુઓને લાઈનમાં ઉભા રાખી નેસેનેટાઈઝ કરી માસ્ક પહેરીને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો આજની આ કારતક સુદી પૂનમના ખેડબ્રહ્મા ના પીએસઆઈ પટેલ સાહેબે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો અને સવારના ૯ ૩૦ કલાકે અન્નકૂટના દર્શન પૂર્ણ થયેલ હતા અને સમગ્ર દિવસ માં ના ભક્તો એ દર્શન નો લાભ લીધો હતો.

# કાર્તીકી પૂનમે શામળાજી મંદિર બંધ રહેતા ભક્તોએ મંદિરના દૂરથી દર્શન કર્યા

## ભલે મંદિરના દ્વાર બંધ શ્રદ્ધા અકબંધ : નાગધરા કુંડ ખાલી





હિંદૂ ધર્મમાં કારતક મહિનાની પૂનમનું ખૂબ મહત્વ છે. આ દિવસને દેવદિવાળી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન, દીપદાન અને ગરીબોને દાન કરવાનું વિશેષ મહત્વ છે.

કોરોના સંક્રમણ અટકાવવા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર જેટલું મહત્વ ધરાવતા કાર્તીકી પૂનમનો મેળાનું આયોજન રદ કર્યા બાદ નાગધરામાં પ્રવેશ અને સ્નાન પર પ્રતિબંધ ફરમાવતું જીલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડતા આખરે શામળાજી મંદિર ટ્રસ્ટે કાર્તિકી પૂનમે મંદિર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો દેવ દિવાળી સહીત ૪ દિવસ ભક્તો માટે ભગવાન કાળીયા ઠાકોરના દર્શન બંધ કરવાનો નિર્ણય કર્યો હતો ત્યારે ભલે મંદિરના દ્વાર બંધ હોય ભક્તોમાં ભગવાન શામળિયામાં રહેલી અતૂટ શ્રદ્ધાના પગલે કાર્તિકી પૂનમે મોટી સંખ્યામાં ભક્તો શામળાજી ઉમટ્યા હતા અને બંધ મંદિરના બહાર થી દર્શન કરી ધન્યતા અનુભવી હતી

કાર્તિકી પૂનમે શામળાજી મંદિર ભક્તો માટે બંધ હોવા છતાં ભક્તોનો મોટી સંખ્યામાં ધસારો જોવા મળ્યો હતો મંદિર પરિસરની આજુબાજુ મોટી ભીડ એકઠી ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો ભક્તોએ મંદિરમાં બિરાજતા કાળીયા ઠાકોરના દ્વારના દર્શન કરી ધન્યતા અનુભવી હતી શામળાજી મંદિર નજીકથી પસાર થતી મેશ્વો નદીના કિનારે આવેલ પવીત્ર નાગધરામાં કાર્તિકી પૂનમે લોકો પિતૃ તર્પણ અને ધાર્મિક વિધિ સાથે સ્નાન કરવા આવતા હોવાથી કોરોનાનું સંક્રમણ અટકાવવા નાગધરામાં પ્રવેશ અને સ્નાન પર પ્રતિબંધ અને ૫ કિમી વિસ્તારમાં મેશ્વો નદીમાં કે ધાર્મિક વિધી કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરતા નાગધરાની આજુબાજુ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દીધો હતો લોકોએ પણ કોરોનાં સંક્રમણમાં સંયમ જાળવ્યો હોય તેમ નાગધારામાં પિતૃ તર્પણ વિધી અને સ્નાન કરવાનું મુલત્વી રાખ્યું હતું

# પ્રદેશ ભાજપ દ્વારા અરવલ્લી જીલ્લા ભાજપની નવી ટીમ જાહેર

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલની નિમણુંક થયા બાદ છેલ્લા કેટલાય સમયથી જીલ્લા પ્રમુખ સહીત સંગઠન માળખાની નિમણુંકમાં ભારે વિલંબ પછી દિવાળી પર્વ પહેલા જીલ્લા પ્રમુખની નિમણુંક કરવામાં આવ્યા બાદ જીલ્લા કારોબારીની નિમણુંક કરવામાં પણ ભારે ગડમથલ થયા બાદ સમગ્ર રાજ્યમાં જીલ્લા સંગઠન માટે કારોબારીની વરણી કરવામાં આવી છે જેમાં અરવલ્લી જીલ્લા પ્રમુખ તરીકે રાજેન્દ્ર પટેલની નિમણુંક બાદ જીલ્લાના તમામ તાલુકા અને સમાજને સાથે રાખવાનો પ્રયત્ન સાથે ૭ મહિલાઓને વિશિષ્ઠ જવાબદારી સુપ્રત કરી છે જીલ્લા કારોબારીમાં ૮ ઉપ પ્રમુખ,ત્રણ મહામંત્રી, ૮ મંત્રી અને એક કોષાધ્યક્ષ પદ માટે નિયુક્તી કરવામાં આવી છે જીલ્લા ભાજપની નવી ટીમની જાહેરાત થતા સંગઠનમાં સ્થાન મેળવનાર અને રહી ગયેલા કાર્યકર્તાઓમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે

અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે રાજેન્દ્ર પટેલની નિમણુંક બાદ રવિવારે રાત્રે ભાજપ પ્રદેશ મોવળી મંડળે જીલ્લા સંગઠનમાં નવા હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી છે, જેમાં ઉપપ્રમુખ તરીકે પટેલ શામળભાઈ મુલચંદભાઈ(જીતપુર-મોડાસા), મોડાસા નગર પાલિકાના પૂર્વ મેયર વનીતાબેન રાજાભાઈ પટેલ,સોલંકી ભુપતસિંહ ઉદેસિંહ,(બાયડ),ઝાલા કેસરીસિંહ છબસિંહ(બોડી, મોડાસા), નિનામા રાજુભાઈ લાલજીભાઈ (ભિલોડા), લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ (મલાસા, ભિલોડા), શાહ ચંદ્રીકાબેન દિપકકુમાર(વાત્રક-બાયડ) અને દીપકભાઈ રમણભાઈ પટેલ(લક્ષ્મીપુરા-બાયડ)નો સમાવેશ થાય છે. જ્યારે મહામંત્રી તરીકે ભીખાજી દુધાજી ડામોર-ઠાકોર(હીરાટીંબા-મેઘરજ), મહામંત્રી હસમુખભાઈ રામાભાઈ પટેલ(પાદર-માલપુર) અને પૂર્વ મોડાસા નગર પાલિકા પ્રમુખ મહામંત્રી શૈલેષભાઈ કોદરભાઈ ભોઈ (મોડાસા)નો સમાવેશ થાય છે. જ્યારે મંત્રીઓમાં રાઠોડ મુકેશસિંહ હમીરસિંહ, પરમાર કમળાબેન દિનેશભાઈ, પટેલ સંગીતાબેન કમલેશભાઈ, કલાસવા મમતાબેન પ્રદિપભાઈ, ખાંટ ઈન્દિરાબેન સાયબાભાઈ, જોષી શ્રદ્ધાબેન દુર્ગાશંકર, પરમાર રુમાલસિંહ મોહનસિંહ, પંચાલ મણીભાઈ રેવાભાઈ પટેલનો સમાવેશ થાય છે જ્યારે ખજાનચી તરીકે નિશાંત કુમાર કનુભાઈ પટેલની નિયુક્ત કરવામાં આવી હતી

# બનાસકાંઠા જિલ્લામાં નવા ૧૩ કેસ દાંતામાં ૮ સંક્રમિત, દિયોદર ધાનેરા ૧-૧

પાલનપુર

સોમવારે વધુ નવા ૧૩ કેસ આરોગ્ય વિભાગે જાહેર કર્યા છે. ગ્રામીણ વિસ્તાર ગણાતા દાંતામાં ૮ સંક્રમિત થયા હતા જ્યારે દિયોદર ધાનેરામાં ૧-૧ કોરોના દર્દીઓ નોંધાયા હતા. આ અંગેની વિગતો આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સી જણાવ્યું હતું કે " જિલ્લામાં એન્ટીજન રેપિડ કીટ દ્વારા ૪૫૩ સેમ્પલ લેવાયા હતા જેમાંથી ૦૨ પોઝિટિવ આવ્યા હતા. જ્યારે પાલનપુર ડીસા કોવિડ હોસ્પિટલમાં Rtpcr હેઠળ ૧૧૭ સેમ્પલ લેવાયા હતા જેમાં ૦૮ પોઝિટિવ આવ્યા છે. કુલ ૫૭૦ સેમ્પલ પૈકી ૧૦ પોઝિટિવ નોંધાયા છે જેમાં એકલા દાંતા માં ૮ છે. જ્યારે દિયોદર ધાનેરામાં ૧-૧ છે.

### ગત સપ્તાહમાં ૩૩૫ કેસો નોંધાયા

બનાસકાંઠા જિલ્લાના દિવાળી ની ભીડ દરમિયાન સંક્રમણ વધી ગયું હતું જેની અસરના ભાગરૂપે એક જ સપ્તાહમાં ૩૩૫ જેટલા કેસો નોંધાતા વહીવટી તંત્ર ગંભીર બન્યું હતું અને ફરી કન્ટેનમેન્ટ એરિયાની મુલાકાત તેમજ માસ્ક ચેકિંગ, અને સોશિયલ આ અને સોશિયલ ડીસ્ટન્સ અંગેની કામગીરી જલદ બનાવી હતી.